# જિલ્લામાં ૨.૫૦ લાખથી વધુ લોકોને સર્વેલન્સમાં આવરી લેવાયા

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૧૦ તાવના દર્દી મળતાં લોહીના નમૂના લેવાયા : ૧૬૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળ્યા : ૭૦થી વધુ ટીમો સર્વેલન્સમાં લાગી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓ શોધવાના બીજા તબક્કાના અભિયાનમાં પ્રથમ દિવસે ૨,૬૩,૪૪૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા આજથી એક સપ્તાહ માટે હાથ ધરાયેલા અભિયાનમાં ૭૦ થી વધુ ટીમો દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

મળતી વિગતોપ્રમાણે ૩૦થી વધુ ગામોમાં આજે પ્રથમ દિવસે જ કામગીરી સંપન્ન કરી દીધી છે. જો કે આ વખતે તંત્રએ એક દિવસની કામગીરી વહેલી હાથ ધરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે સર્વેલન્સ દરમ્યાન ૭૧૦ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા હતા. જેમના લોહીના નમૂના લઈ અને ચકાસણી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાતંત્રએ હાથ ધરેલ સર્વેલન્સ દરમ્યાન ૧૬૭૭ જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા જેનો તંત્રની ટીમો દ્વારા નાશ કરવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા સર્વેલન્સની સાથે લોક-જાગૃતિ અભિયાનને પણ વણી લેવામાં આવ્યુ છે. વાહકજન્ય રોગચાળાથી બચવા માટે શુ સાવચેતી રાખવી તેની સમજ પણ આપવામાં આવી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સના પ્રથમ રાઉન્ડમાં ૧૨ લાખ જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. આ વખતે તમામ લોકોને આવરી લેવાનું આયોજન રાખવામાં આવ્યુ છે અને સઘન સર્વેલન્સની સાથે સાથે એબેટ ડે ની પણ ઉજવણી કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.



મા નો ગરબો રે... - આદ્યશક્તિ ઉપાસનાના પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે... ગરબો એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ છે... માટીમાંથી ઘડાયેલા 'ગરબા'માં ૧૦૮ છીદ્રોમાંથી પ્રકાશ પથરાય છે... અને દીવામાંથી પ્રગટેલો આ પ્રકાશ છીદ્રો વાટે ઉર્જા અને દિશા આપે છે... આ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત મનાય છે... આજે પણ ગુજરાતના ગ્રામ્ય સંસ્કૃતિમાં માતાજીના સ્થાપનમાં ઘડાનું સ્થાપન કરાય છે, ઘડાની અંદર દીપ પ્રગટાવાય છે... અને ઘડાની ઉપર જવેરા વવાય છે... આમ પ્રકૃતિ અને સંસ્કૃતિનો સુભગ સમન્ય આદ્યશક્તિની ઉપાસનામાં વણી લેવાયો છે... જ્યારે નવરાત્રિ પર્વ દરમિયાન 'ગરબા'નું સ્થાપન કરવામાં આવે છે ત્યારે મા-આદ્યશક્તિ દુર્ગાનું આહ્વાન કરી પ્રાગટ્ય કરાય છે અને મા-આદ્યશક્તિ નવ દિવસ સુધી ભક્તોને ઉર્જા સ્વરૂપે શક્તિ પ્રદાન કરે છે....

# શહેરી વિસ્તારના પાંચ ગામોમાં પાણીના બોર બાંધવાનુ કામ શરૂ

**ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે ધોળાકુવામાં બોરના કામનુ ખાતમુહુર્ત કર્યુ**

ગાંધીનગર તા ૨૬

શહેરી વિસ્તારના ગામોમાં પાણીના બોર બાંધવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. ધોળાકુવા ગામમાં આજે બોરના કામનુ ખાતમુર્હત કરવામાં આવ્યુ હતુ. શહેરી વિસ્તારના પાંચેય ગામોમાં પાણીની પોકારને ડામવા માટે રૂ ૨ કરોડના ખર્ચે બોર બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરાયા બાદ હવે બે મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે.

વર્ષોના અંતે પણ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણી ગટર અન રસ્તાની સુવિધાઓ હજુ પણ પુર્ણરૂપે ઉપલબ્ધ થઈ નથી. જેના લીધે સ્થાનિક ગ્રામજનોએ હાલાકી વેઠવી પડે છે. જેમાં પાણીની સમસ્યા મુખ્ય છે. ગામોની ટોપોગ્રાફીના લીધે પાણીના મામલે સમસ્યાઓ પણ સર્જાય છે. જેના લીધે નિચાણવાળા વિસ્તારમાં પાણી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામે છે જો કે ગામની વસતી અને વિકાસ મુજબ પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા શહેરી વિસ્તારના પાંચ ધોળાકુવા ઈન્દ્રોડા, પાલજ, બાસણ અને બોરીજમાં પાણીનો નવો બોર બાંધવા માટે આયાજન કરવામાં આવ્યુ છે. જયારે પાણીના નવા બોર બાંધવા માટે આજથી ધોળાકુવામાં બોરનુ કામ શરૂ કરી દેવાયુ છે. ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલની હાજરીમાં પાણીના બોર બાંધવાની ખાતમુહુર્ત વિધિ યાજવામાં આવી હતી.

# શહેરમાં ૯૮ દર્દીઓ તાવના મળ્યા

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૭૦૦થી વધુ મકાનો આવરી લેવાયા : ૧૯૫ પાત્રોમાંથી એડીસના પોરા મળ્યા**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળા અંગે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા તબક્કામાં પ્રથમ દિવસે ૯૮ તાવના દર્દીઓ મળી આવ્યા છે. જેમના લોહીના નમૂના લઈ અને ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા એક સપ્તાહ સુધી શહેરના તમામ ઘરોને આવરી લેવામાં આવનાર છે.

આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમોએ શહેરના ૭૭૭૦ મકાનોમાં સર્વેની કામગીરી હાથ ધરી હતી. જેમાં ૧૪,૨૮૨ પાત્રોની ચકાસણી કરતાં ૧૯૫ પાત્રોમાંથી એડીસ મચ્છરોના પોરા મળી આવતાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શહેરી મેલેરિયા તંત્રની ટીમે આજે ૧૩ જેટલી શાળાઓની પણ ચકાસણી કરી હતી. જો કે એક પણ શાળામાં ક્યાંયથી લારવા કે બ્રિડીંગ મચ્છરોના મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

શહેરી વિસ્તારમાં સર્વેલન્સ માટેની કામગીરી આજે વહેલી સવારથી શરૂ કરી દેવામાં આવી હતી. આ સર્વેલન્સ દરમ્યાન ૯૮ જેટલી વ્યક્તીઓએ તાવની કરેલી ફરિયાદને પગલે તેમના લોહીના નમુના લેવામાં આવ્યા છે. જે ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેનું પરિણામ એક-બે દિવસમાં આવી જશે.

તંત્રએ બીજા તબક્કામાં હાથ ધરેલા સર્વેલન્સ દરમ્યાન મચ્છરોની ડેનસીટીમાં ઘટાડો થયો હોવાનું નોંધ્યું છે. આ વખતે વાહકજન્ય રોગચાળા માટે સર્વેલન્સની સાથે સાથે લોક-જાગૃતિનું અભિયાન પણ હાથ ધર્યુ છે. જેમાં મચ્છરોની ઉત્પત્તિ થતી અટકાવવામાં સ્વચ્છતાનું પ્રદાન કેટલુ અગત્યનું છે તે વાત પણ કહેવામાં આવી રહી છે.

## શહેરમાં ડેન્ગ્યુના વધુ ૪ કેસ

**સે. ૧૫, ૨૮, ૭-સી અને ૩-સીમાંથી કેસો મળ્યા : ચારે દર્દી યુવા વયના છે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુના વધુ ૪ કેસ મળી આવ્યા છે. આ સાથે આ રોગના દર્દીઓની સંખ્યા ૨૪ થઈ છે.

આજે જે ૪ કેસ મળી આવ્યા છે તે બધા યુવાનો છે. સે. ૧૫, ૨૮, ૭-સી અને ૩-સીમાંથી આ દર્દીઓ મળી આવ્યા છે. આ મળી આવેલા દર્દીઓ પૈકી બે દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે બે દર્દીઓને બહારના દર્દી તરીકે સારવાર આપી ઘરે જવા દેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ ધીમીગતિએ માથુ

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા ૧૦૦ સામે કેસ દાખલ કરાશે

**કર્મચારીના અવસાન, બદલી તેમજ નિવૃતિના કિસ્સામાં ગેરકાયદેસર કબજેદારોને નોટીસ**

ગાંધીનગર તા ૨૬

શહેરના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજો ધરાવતા ૧૦૦ જેટલા કીસ્સામાં તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ બિન અધિકૃત કબજેદારોને નોટીસ આપવામાં આવ્યા બાદ પણ આવાસો ખાલી ન કરાતા આખરે હવે કોર્ટ કેસ દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના અંતે ટુંકમાં જ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

શહેરમાં ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે. જયારે આ પૈકી નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ તબક્કાવાર મકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવી રહયુ છે. બીજીતરફ તંત્રના ચોપડે સરકારી આવાસો માટે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે કર્મચારીઓ માટે નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. કર્મચારીઓને ધ્યાને લઈ આવાસ યોજનામાં પુરતી સવિધા મળી રહે તેનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. પરંતુ સે-૭ અને સે-૨૯ માં નવી આવાસ યોજના તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. જયારે રીનોવેશન ન થઈ શકે તેવા સરકારી બ્લોકની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે આગામી દિવસોમાં આ બ્લોકનો પણ કડુસલો બોલાવી દેવાશે જયારે હાલ સરકારી મકાનોમાં ગેરકાયદેસર વસવાટ ધરાવતા કબજેદારોને હાંકી કાઢવા માટે તંત્ર દ્વારા અગાઉ નોટીસ આપવામાં આવી હતી. પરંતુ તંત્રની નોટીસના અંતે પણ કબજેદારોએ આવાસ ખાલી ન કરતા આખરે કોર્ટ કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. કર્મચારીઓની બદલી ,અવસાન તેમજ નિવૃતિના કિસ્સામાં સરકારી આવાસો ખાલી ન થયા હોય તેવા કિસ્સાઓમાં તંત્રએ કોર્ટ કેસ દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

ચાલો... ચાલો... ચિલોડા ગામમાં
ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના
મોટા ચિલોડા ગ્રામ સમિતિ દ્વારા આયોજીત
તા. ૨૭/૯/૨૦૧૬ને મંગળવારના રોજ
સાંજે ૮-૦૦ કલાકે -
વ્યસન મુક્તિ
મહાસભા
રાખેલ છે.
મુખ્ય મહેમાનો
અલ્પેશજી ઠાકોર - પ્રદેશ પ્રમુખ
ભરતજી ઠાકોર - પ્રદેશ મંત્રી
રાજભા ઠાકોર - જિલ્લા પ્રમુખ
જવાનજી ઠાકોર - જિલ્લા ઉપપ્રમુખ
ગોવિંદજી ઠાકોર - તાલુકા પ્રમુખ
જગદીશ ઠાકોર - ફિલ્મ અભિનેતા
બેચરજી ઠાકોર - ફિલ્મ અભિનેતા
હર્ષદ ઠાકોર - ફિલ્મ અભિનેતા
જિલ્લા-તાલુકાના હોદ્દેદારો તેમજ કાર્યકર્તા સૈનિકો

અલ્પેશજી ઠાકોર
લિ. સમસ્ત ક્ષત્રિય ઠાકોર સમાજ પરિવાર, મોટા ચિલોડા
પ્રમુખ - દિલીપ કે. ઠાકોર ● ઉપપ્રમુખ - ધર્મેન્દ્ર કે. ઠાકોર તથા વાઘેલા કરણસિંહ કે.



નવરાત્રિને વધાવવા તૈયારી - ગરબે ઘુમવા યૌવન થનગની રહ્યું છે... નાના-નાના ભૂલકાઓથી લઈ કિશોર અને યુવાનો પણ ગરબે રમવા વિધિવત તાલીમ મેળવી રહ્યા છે.. શહેરમાં ગરબાની તાલીમ આપતા ૪૦થી વધુ વર્ગો ખેલૈયાઓથી ધમધમી રહ્યા છે...

# સ્વર્ણિમ પાર્કમાં કસરત અને રમત-ગમતના તુટેલા સાધનો સરખા કરાશે

ગાંધીનગર તા ૨૬

સ્વર્ણિમ પાર્કમાં રમતગમત અને કસરતના તુટેલા સાધનોની જાળવણી માટે કામ હાથ ધરાશે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા હરિયાળા પાર્કમાં કસરતના તેમજ બાળકોની રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ સાધનો તુટેલી હાલતમાં જોવા મળી રહયા છે. તંત્ર દ્વારા આ સાધનો યોગ્ય કરવા કામગીરી હાથ ધરાશે.

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન વચ્ચે અવનવા પ્લાન્ટેશન તેમજ સીટીંગ અમબ્રેલા પણ સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. મોર્નિંગ વોકર્સ માટે આ પાર્ક ફેવરેબલ બન્યો છે. વહેલી સવારે પાર્કમાં હળવી કસરતો તેમજ વોક

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના કર્મીયોગીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા આજે નિર્ણય થશે

**આજે મનપાની મહત્વની સ્થાયી સમિતિની બેઠક : આજે એવોર્ડ પણ ઓડી એફ ઘોષિત કરી દેવાશે**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા અંગેની દરખાસ્ત પર આજે સ્થાયી સમિતિમાં નિર્ણય લેવામાં આવશે.

આજે બપોરે ૩.૩૦ કલાકે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે કમિશનરશ્રીએ દરખાસ્ત વિચારણા માટે રજુ કરી છે.

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં જો આ દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવશે તો વાર્ષિક રૂ. ૬ થી ૭ લાખનું ભારણ મનપાની તિજોરી પર આવશે.

આ દરખાસ્તનો સ્વીકાર થશે તો મનપાના ૧૮૦ થી વધુ કર્મચારીઓને આનો લાભ થશે.

સ્થાયી સમિતિની આજે મળનારી બેઠકમાં નગરના બાકી રહી ગયેલા વોર્ડ નં. ૨ અને ૫ ને પણ આજે ઓડી એફ જાહેર કરવામાં આવશે. આ સાથે જ સમગ્ર શહેરમાં હવે જાહેરમાં શૌચક્રિયા કરતુ કોઈ જણાશે નહિ. ગત સ્થાયી સમિતિમાં વધુ ૧૧ મોબાઈલ ટોઈલેટ ખરીદવાનો નિર્ણય લેવાયો હતો તે આ બન્ને વોર્ડમાં મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. શૌચક્રિયા જાહેરમાં કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાનો પણ તંત્રએ નિર્ણય કરેલ છે તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં હાલ જાહેર સ્થાનો પર ૨૫થી વધુ પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં સીટી ઈજનેરની નિમણુંક તેમજ મુક્તિધામના સંચાલનની મુદતમાં વધારો કરવા સહિતની વિવિધ દરખાસ્તો પર પણ નિર્ણય લેવામાં આવનાર છે.

પ્રથમ માસિક શ્રધ્ધાંજલિ

સ્વ. જ્યોતિબેન પ્રકાશભાઈ ખાડે
જન્મતા. ૨૪-૦૮-૧૯૬૫ સ્વ.તા. ૨૭-૦૮-૨૦૧૬
તમારો માયાળુ સ્વભાવ
આપની ખોટ સદાય ખટકશે, આપની હયાતી ન હોવા છતા પણ હૃદયમાં આપની અનુભુતી રહ્યા કરશે નથી આપ અમારી વચ્ચે છતાં આપ સમીપ શો તેવો ભાવ થયા કરે છે.
તમારી યાદ સદાય અમારી સાથે રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાથના...
પ્રેરણા સ્મૃતિ
પ્રકાશભાઈ શંકરભાઈ ખાડે
વૈશાલી પી.ખાડે | મહેન્દ્ર એસ.માંડવકર
વિશાલ પી.ખાડે | ભક્તી વી.ખાડે
દિક્ષિતા પી.ખાડે | અભિજીત માસીચે
તારૂલત્તા-ઋતુરાજ- અનિષ્કા


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com